# બ્રીજ સેલ

## ૨૦૧૪–૧૫

| અપીલ નંબર/ વર્ષ | માહિતીની વિગત | અપીલ હુકમ નં. અને તારીખ |
|---|---|---|
| ૨<br>૨૦૧૪–૧૫ | અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર, આઈ.ડી. નં.૨૧૬, તા.૦૨/૦૫/૧૪ ની અરજી અંગેની પ્રથમ અપીલ અરજી | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./૩<br>તા.૦૪/૦૭/૧૪ |
| ૩<br>૨૦૧૪–૧૫ | અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર, આઈ.ડી. નં.૨૧૧, તા.૧૩/૬/૧૪ ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./૪<br>તા.૨૪/૦૭/૧૪ |
| ૪<br>૨૦૧૪–૧૫ | અરજદાર શ્રી ડનરેશભાઈ નાનજીભાઈ બથવાર, આઈ.ડી. નં.૨૧૭, તા.૨૧/૦૬/૧૪ ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./૫<br>તા.૧૧/૦૮/૧૪ |
| ૫<br>૨૦૧૪–૧૫ | અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર, આઈ.ડી. નં.૫૮૧, તા.૦૨/૦૯/૧૪ ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./૬<br>તા.૧૭/૧૦/૧૪ |
| ૬<br>૨૦૧૪–૧૫ | અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહ્મભટ્ટ, આઈ.ડી. નં.૭૪, તા.૧૭/૧૦/૧૪ ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./૭<br>તા.૨૪/૧૧/૧૪ |
| ૭<br>૨૦૧૪–૧૫ | અરજદાર શ્રી ગડરીયા હરીશચંદ્ર ફકીરચંદ્ર, આઈ.ડી. નં.૧૪૦૪, તા.૨૮/૧૦/૧૪ ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ. | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./૮<br>તા.૧૦/૧૨/૧૪ |
| ૮<br>૨૦૧૪–૧૫ | અરજદાર શ્રી શૈલેષ હસમુખભાઈ પંચાલ(એડીટર), આઈ.ડી. નં.૧૮૮ની તા.૦૩/૧૧/૧૪ ના રોજ કરેલ પ્રથમ અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ. | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./૯<br>તા.૧૨/૧૨/૧૪ |
| ૯<br>૨૦૧૪–૧૫ | અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર, આઈ.ડી.નં.૪૮૨, તા.૦૯/૧૨/૧૪ ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ. | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./૧૦<br>તા.૦૮/૧/૧૫ |
| ૧૦<br>૨૦૧૪–૧૫ | અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર, આઈ.ડી. નં.૫૨૩, તા.૨૯/૧૨/૧૪ ની પ્રથમ અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ. | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./૧૩<br>તા.૦૯/૨/૧૫ |
| ૧૧<br>૨૦૧૪–૧૫ | અરજદાર એડવોકેટ ડી.કે.નંદનવાર, આઈ.ડી. નં.૧૮૩૫, તા.૧૮/૧૧/૧૪ ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ. | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./૧૧<br>તા.૨૭/૧/૧૫ |
| ૧૨<br>૨૦૧૪–૧૫ | અરજદાર એડવોકેટ ડી.કે.નંદનવાર, આઈ.ડી. નં.૧૮૩૬, તા.૦૩/૦૧/૨૦૧૫ ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ. | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ / હુકમ /આ./૧૨<br>તા.૨૮/૧/૧૫ |
| ૧૩<br>૨૦૧૪–૧૫ | શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની અપીલ અરજી નં.૨૭૫ તા.૨૭/૨/૧૫ની અરજી અંગેની વિગતોનું વિવરણ. | નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ અપીલ /આ./૧૪,<br>તા.૧૭/૩/૧૫<br>સંપુર્ણ તબદીલ<br>મધ્યસ્થ મહેકમ વિભાગ<br>રીક્રુટમેન્ટ વિભાગ |

## હુકમ નં.૩

અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર, આઈ.ડી.નં.૨૧૬, તા.૦૨/૦૫/૧૪ ની અરજી અંગેની પ્રથમ અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–

અપીલ અરજી નં. SMC/FAP/BRIDGE CELL/02/2014-15, અપીલની તારીખ :– તા.૦૭/૦૬/૧૪

**અપીલની તારીખ :–**તા.૦૭/૦૬/૧૪ અરજદારની અપીલ અરજી અત્રેનાં ખાતાને તા.૦૯/૦૬/૧૪ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–** આઈ.ડી.નં.૨૧૬, તા.૦૨/૦૫/૧૪ ની અરજદારની અરજી અત્રેનાં ખાતાને તા.૦૬/૦૫/૧૪ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :–** અરજદાર ધ્વારા " તાપી નદી પર અઠવા–અડાજણને જોડતા કેબલ સ્ટે બ્રીજની મુદ્દા નં.૧ થી ૯ ની માહિતી"

૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :– જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની ધ્વારા અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ આ.વ.નં./૮, તા.૧૨/૦૫/૧૪ થી ખાતાના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણીઅર્થે તા.૨૦/૫/૧૪ના રોજ અરજદારશ્રીને બોલાવવામાં આવેલ. અને ઉપલબ્ધ રેકર્ડની માહિતી અત્રેના ખાતા પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ આ.વ.નં./૮/૧, તા.૧૨/૦૫/૧૪ થી જરૂરી માહિતી પુરી પાડેલ. અને અરજદાર તા.૨૦/૫/૧૪ ના રોજ હાજર ન રહેતા તેઓને ફરીવાર રજુઆતની તક આપવા અત્રેના ખાતાના પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./ આ.વ. નં./૮/૨, તા.૨૭/૦૫/૧૪ થી તા.૨૯/૫/૧૪ ના રોજ બોલાવવામાં આવેલ અને અરજદાર હાજર રહેલ અને તેઓને ઉપલબ્ધ રેકર્ડનું ઈન્સ્પેકશન કરેલ તથા માંગેલ માહિતી મુજબ અત્રેનાં ખાતાનાં પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./ આ.વ.નં./૮/૩, તા.૩૧/૦૫/૧૪થી કુલ પાના નંગ–૧૨ પોસ્ટ ધ્વારા મોકલવામાં આવેલ, જે તેઓને તા.૩/૬/૧૪ ના રોજ મળેલ હતી.

**૪. અપીલના મુદ્દાઓ :–** અરજદાર ધ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજીમાં તાપી નદી પર અઠવા–અડાજણને જોડતા કેબલ સ્ટે બ્રીજની માહિતી માંગેલ જેની માહિતી ટેકનીકલ મુદ્દાઓ તેઓને સમજ નહી પડતાં માહિતી સ્પષ્ટ, પરદાર્શિત આપવા વિનંતી કરેલ છે. જેથી નારાજ થઈ અરજદારે પ્રથમ અપીલ અરજી કરેલ.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–**

માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ માહિતી / દસ્તાવેજો આપવા માટેની વિનંતી કરતી તા.૨/૫/૧૪, આઈ.ડી.નં.૨૧૬ ની અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની અરજી અત્રેના ખાતાને તા.૭/૬/૧૪ ના રોજ તબદીલ થયેલ. જેના અનુસંધાનમાં અરજદારને મુદ્દા નં.૧, ૨, ૬ અને ૭ માટે અરજદારને અત્રેના ખાતાના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ આ./૮,તા.૧૨/૫/૧૪ થી તા.૨૦/૫/૧૪ ના રોજ રૂબરૂ ઈન્સ્પેકશન માટે બોલાવેલ અને બાકીના મુદ્દા નં.૩,૪,૫,૮ અને ૯ ની માહિતી અરજદારને અત્રેના ખાતાના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./આ./૮/૧,તા.૧૨/૫/૧૪ થી પુરી પાડવામાં આવેલ. પરંતુ અરજદાર હાજર ન રહેતા તેઓને ફરી થી અત્રેના ખાતાના પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./ આ./ ૮/૨,તા.૨૭/૫/૧૪ થી તા.૨૯/૫/૧૪ ના રોજ રૂબરૂ ઈન્સ્પેકશન માટે બોલાવવામાં આવેલ અને અરજદાર મદદનીશ જાહેર માહિતી અધિકારી સમક્ષ હાજર રહેલ અને તેઓશ્રી ધ્વારા રૂબરૂ રેકર્ડનું ઈન્સ્પેકશન તથા ચર્ચા મુજબ અરજદારે (૧) ઈજારદાર ગેમન ઈન્ડીયા લી.,ને આપવામાં આવેલ પ્રથમ તથા છેલ્લી પ્રોગ્રેસ વિલંબ સંબંધીત આપવામાં આવેલ નોટીસની નકલ (૨) શ્રી આર.કે.લાઠીયાને કરવામાં આવેલ જવાબ / પુર્તતાની નકલ માંગેલ. અત્રેના ખાતાના પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./ આ./૮/૩ તા.૩૧/૫/૧૪ થી માહિતી/ દસ્તાવેજો વિના મુલ્યે પુરા પાડવામાં આવેલ છે.

**૬. રીમાર્કસ :–**અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(બ્રીજ)નાં પત્ર નં.આર.ટી.આઈ./ અપીલ/ આ.નં./ ૩/૧, તા.૨૪/૬/૧૪ થી અરજદારને તા.૨૬/૬/૧૪ ના રોજ અપીલ સંદર્ભે પોતાનો પક્ષ / રજુઆત સાંભળવા બોલાવવામાં આવેલ હતા. જે દરમ્યાન અપીલ અધિકારી તરફથી માંગેલ માહિતીનાં મુદ્દા નં.૧ થી ૯ બાબતે મુદ્દાસર રજુઆત/ ખુલાસો કરવામાં આવેલ. જેનાથી અરજદારને દરેક મુદ્દાઓની ચોકકસ માહિતી સંતોષકારક રીતે આપવામાં આવેલ હતી.

**—: હુકમ :—**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીના પુર્તતા ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારનીતા.૦૨/૦૫/૧૪ની અરજથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ યોગ્ય અને સાચી આપવામાં આવેલ છે. તથા અરજદાર ધ્વારા તાપી નદી પર અઠવા– અડાજણને જોડતા કેબલ સ્ટે બ્રીજની માહિતી સુનાવણી દરમ્યિાન યોગ્ય ચર્ચા કરી મુદ્દાસર આપવામાં આવેલ છે. જેથી આ અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, તથા અરજદારની રજુઆત મુજબ જોઈતી માહિતી આપવામાં આવેલ હોવાથી, તેઓની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/હુકમ/આ.વ./
તા.............................

(બી.કે.ગઢિયા)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
બ્રીજસેલ
સુરત મહાનગરપાલિકા.
Email :-exen@suratmunicipal.gov.in

**હુકમ નં.૪**

અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર, આઈ.ડી.નં.૨૧૧, તા.૧૩/૬/૧૪ ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–

અપીલ અરજી નં.SMC/FAP/BRIDGE CELL/03/2014-15, અપીલની તારીખ :– તા.૧૬/૦૬/૧૪

**અપીલની તારીખ :–**

તા.૧૩/૦૬/૧૪અરજદારની અપીલ અરજી અત્રેનાં ખાતાને તા.૧૬/૦૬/૧૪ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–** આઈ.ડી.નં.૨૧૧, તા.૦૨/૦૫/૧૪ અરજદારની અરજી અત્રેનાં ખાતાને તા.૦૬/૦૫/૧૪ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :–** અરજદાર ધ્વારા " અડાજણ થી કતારગામને જોડતા જીલાણી કોમ્પ્લેક્ષ તાપી ઉપર બ્રીજ બાંધકામની ટેન્ડરની જાહેરાત બાબતે વિગેરે મુદ્દા નં.૧ થી ૭ માહિતી બાબતે....."'

૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :– જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એન.કે.દિક્ષીત ધ્વારા અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ આ.વ.નં./૬, તા.૯/૦૫/૧૪ થી મુદ્દા નં.૧ અને ૩ ની માહિતી માટે જા.મા.અધિકારી અને આસી.સેક્રેટરીશ્રી,સેક્રેટરી વિભાગને તબદીલ કરવામાં આવેલ છે. તથા અત્રેના ખાતાના ઉપલબ્ધ રેકર્ડ / દસ્તાવેજોના આધારે મુદ્દા નં. ૨ તથા ૪ થી ૭ ની માહિતી ખાતાના પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./આ.વ.નં./૬/૧, તા.૧૬/૦૫/૧૪ થી જવાબ આપવામાં આવેલ હતો. જે મુજબ અરજદાર બી.પી.એલ. કાર્ડ ધારક હોવાથી તેઓને કુલ પાના નંગ–૩ વિના મુલ્યે પુરા પાડવામાં આવેલ હતા.

**૪. અપીલના મુદ્દાઓ :–** અરજદાર ધ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજીમાં અડાજણ થી કતારગામને જોડતાં તાપી નદી પર પુલ બાંધવાના કામ બાબતે માંગવામાં આવેલ માહિતીનાં મુદ્દા નં. ૧થી ૭ પૈકી મુદ્દા નં. ૧ થી ૩ ની માહિતી માંગેલ, પરંતુ તે મળેલ જ નથી. જેથી નારાજ થઈ અરજદારે પ્રથમ અપીલ અરજી કરેલ.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–**

જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એન.કે.દિક્ષીત ધ્વારા તા.૦૩/૦૭/૧૪ ના રોજ અપીલ અરજી અંગે પોતાનો ખુલાસો રજુ કરેલ હતો. અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતીના મુદ્દા નં.૧ થી ૭ પૈકી અત્રેના ખાતાને સ્પર્શતા મુદ્દા નં.૨,૪,૫,૬ અને ૭ ની માહિતી અરજદારને અત્રેના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ આ.વ.નં.૬/૧, તા.૧૬/૦૫/૧૪થી આપવામાં આવેલ છે. આપવામાં આવેલ માહિતી અંતર્ગત અરજદાર ધ્વારા મુદ્દા નં.૧ થી ૩ માટે અપીલ અરજી કરવામાં આવેલ છે. એટલે કે બાકીના મુદ્દાઓની આપવામાં આવેલ માહિતી સંતોષકારક હોય મુદ્દા નં.૧ થી ૩ ની મુદ્દાવાઈઝ સ્પષ્ટતા નીચે મુજબ છે.

મુદ્દા નં. ૦૧ : અત્રેનાં ખાતાને સ્પર્શતા ન હોય પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./આ.વ.નં.૦૬, તા.૦૯/૦૫/૧૪થી અરજી આસી. સેક્રેટરીશ્રી, સુરત મહાનગરપાલિકાને તબદીલ કરવામાં આવેલ.

મુદ્દા નં. ૦૨ : અરજદાર ધ્વારા અરજીમાં ઉલ્લેખ કરવામાં આવેલ કામો જેવા કે અમરોલી બ્રીજ, દિલ્હી ગેટ ફલાય ઓવર બ્રીજ, અડાજણ ફલાય ઓવર બ્રીજના કામો રણજીત બિલ્ડકોન ધ્વારા કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. જયારે ખરેખર ઉપર મુજબના કામો રાજકમલ બિલ્ડર્સ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા. લિ., અમદાવાદ ધ્વારા કરવામાં આવેલ/આવી રહેલ છે. અને અડાજણ થી કતારગામને જોડતા તાપી નદી પર પુલ બાંધવાનું કામ સ્થા.સ.ઠ.નં.૧૯૮૯/૧૩, તા.૩૦/૦૮/૧૩ ને આધીન રણજીત બીલ્ડકોન લિ.,અમદાવાદને સોંપવામાં આવેલ છે. જે અંગેના ઠરાવ અને વર્કઓર્ડરની નકલ પાના કુલ–૦૩ અરજદારને વિનામુલ્યે આપવામાં આવેલ છે.

મુદ્દા નં. ૦૩ : અત્રેનાં ખાતાને સ્પર્શતા ન હોય પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./આ.વ.નં.૦૬, તા.૦૯/૦૫/૧૪થી અરજી આસી. સેક્રેટરીશ્રી, સુરત મહાનગરપાલિકાને તબદીલ કરવામાં આવેલ.

આમ, અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતીના મુદ્દા નં. ૧ થી ૭ પૈકી અત્રેના ખાતાને સ્પર્શતા મુદ્દા નં. ૨,૪,૫,૬ અને ૭ ની અરજદારને અત્રેના પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./ આ.વ.નં.૬/૧, તા.૧૬/૦૫/૧૪થી આપવામાં આવેલ માહિતી ઉપલબ્ધ દફતરી રેકર્ડ મુજબ તેમજ માંગ્યા મુજબની માહિતી આપેલ છે.

૬. રીમાકર્સ :– અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી(બ્રીજ)ના પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./ અપીલ/આ./૪ તા.૨૦/૬/૧૪ થી અરજદારને તા.૨૬/૬/૧૪ ના રોજ પોતાનો પક્ષ / રજુઆત સાંભળવા સાંજે ૪:૦૦ કલાકે બોલાવવામાં આવેલ હતા અને અરજદાર હાજર રહેલ તથા સદર અપીલ અરજી બાબતે આપવામાં આવેલ માહિતી / દસ્તાવેજ અંગે રૂબરૂમાં ચર્ચા થયેલ હોવાથી, હવે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને આપેલ જવાબ યોગ્ય છે. તેમ અરજદાર ધ્વારા રોજમેળમાં લેખિતમાં જણાવેલ છે.

## —: હુકમ :—

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીની પુર્તતા ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૨/૦૫/૧૪ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ / દસ્તાવેજ મુજબ યોગ્ય અને સાચી આપવામાં આવેલ છે. અરજદાર સાથે તા.૨૬/૬/૧૪ ના રોજ કરવામાં આવેલ રૂબરૂ ઈન્સ્પેકશનમાં પોતાની રજુઆત રજુ કર્યા બાદ આપવામાં આવેલ માહિતીથી અરજદારને હવે કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને આપેલ જવાબ યોગ્ય જણાયેલ. આથી અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, તથા અરજદારની રજુઆત મુજબ જોઈતી માહિતી આપવામાં આવેલ હોવાથી, તેઓની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/હુકમ/આ.વ./
તા.............................

(એ.જે.પંડયા)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
બ્રીજસેલ
સુરત મહાનગરપાલિકા.
Email :-exen@suratmunicipal.gov.in

# હુકમ નં.૫

**અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર, આઈ.ડી.નં.૨૧૭, તા.૨૧/૦૬/૧૪ ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :—**

અપીલ અરજી નં. SMC/FAP/BRIDGE CELL/04/2014-15, તા.૨૩/૦૬/૧૪

**અપીલની તારીખ :—**

અરજદારની તા.૨૧/૦૬/૧૪ની પ્રથમ અપીલ અરજી અત્રેનાં ખાતાને તા.૨૩/૦૬/૧૪ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :—**

અરજદારની તા.૨/૦૫/૧૪,આઈ.ડી.નં.૨૧૭ ની માહિતી માંગતી અરજી અત્રેનાં ખાતાને તા.૬/૦૫/૧૪ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :—**

અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતીના મુદ્દા નં.૧ થી ૬ પૈકી અત્રેના ખાતાને સંલગ્ન મુદ્દા નં.૬ કે જેમાં, "અઠવા– અડાજણ વચ્ચે કેબલ સ્ટેઈડ તાપી પુલની કામગીરીનો સમય ૧ (એક) વર્ષનો એટલે કે એપ્રિલ—૧૩ ની સમયમર્યાદામાં પુર્ણ કરવા અંગેનો કોન્ટ્રાકટ કઈઈહઈ એ ગેમન ઈન્ડીયાને ઓકટોબર—૧૦ માં રૂા.૧૪૩ કરોડમાં આપેલ. જે કામગીરીમાં હજુ એક વર્ષનો સમય કોન્ટ્રકટર દ્રારા લાગશે અને સવાર—સાંજ પીક અવર્સમાં સરદાર બ્રીજ પર ભારે ત્રાસ શહેરીજનોએ ઉઠાવવાનો રહેશે. જે અંગે કોન્ટ્રાકટરને ટેન્ડરની શરતો અનુસાર યોગ્યસરની પેનલ્ટી કે ઠપકો ન આપવા અંગેની માહિતીની નકલ આપવા વિનંતી." બાબતે માહિતી માંગવામાં આવેલ હતી.

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :—**

જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની. ધ્વારા અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./આ.વ.નં./૭ , તા.૧૨/૦૫/૧૪ થી ખાતાના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરવા અરજદારને તા.૨૦/૫/૧૪ ના રોજ બોલાવવામાં આવેલ હતા પરંતુ અરજદાર હાજર ન રહેતા તેઓ તા.૨૯/૫/૧૪ના રોજ રૂબરૂ ઈન્સ્પેકશન માટે આવેલ, જેમાં તેઓને ઉપલબ્ધ રેકર્ડની યોગ્ય ચકાસણી કરી માંગેલ માહિતી અરજદારને વિના મુલ્યે અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ આ./૭/૧, તા.૩૧/૫/૧૪ થી પુરી પાડવામાં આવેલ હતી.

**૪. અપીલના મુદ્દાઓ :—**

અરજદાર ધ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજીમાં અઠવા– અડાજણ વચ્ચે કેબલ સ્ટેઈડ તાપી પુલની કામગીરીનો સમય ૧ વર્ષનો એટલે કે એપ્રિલ—૧૩ ની સમયમર્યાદામાં પુર્ણ કરવા બાબતે માહિતી માંગેલ તે બાબતે અરજદાર ધ્વારા માહિતી સમયમર્યાદામાં મળેલ નથી. એમ જણાવી પ્રથમ અપીલ અરજી કરેલ.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :—**

અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અરજી અંગે જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રીએ પોતાના પક્ષ તા.૨૭/૬/૧૪ ના રોજ રજુ કરતાં જણાવેલ કે, અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી અરજદારને તા.૨૯/૫/૧૪ ના રોજના રૂબરૂ ઈન્સ્પેકશન દરમ્યાન થયેલ ચર્ચા અને ઉપલબ્ધ રેકર્ડ મુજબ અત્રેના ખાતાના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./૭/૧, તા.૩૧/૫/૧૪ થી માહિતી / દસ્તાવેજો વિના મુલ્યે (કુલ પાના નંગ—૧૦) સમયમર્યાદામાં આપવામાં આવેલ છે.

**૬. રીમાર્કસ :—**

અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(બ્રીજ) ધ્વારા અરજદારની પ્રથમ અપીલ અરજી સંદર્ભે અરજદારને પોતાનો પક્ષ / રજુઆત સાંભળવા ૩(ત્રણ) વખત બોલાવવામાં આવતાં, તેઓ તા.૮/૮/૧૪ ના રોજ હાજર રહેલ, જેમાં તેઓએ જણાવેલ કે, "ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં કોઈ વાંધા જનક બીજી અપીલ અરજી કરવાની માહિતી જણાતી નથી. જેથી હવે આ પ્રથમ અપીલ અરજીનો નિકાલ હુકમ કરવા વિનંતી" કરેલ.

**—: હુકમ :—**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીની પુર્તતા ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨/૦૫/૧૪,આઈ.ડી.નં.૨૧૭ થી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરાવી માંગ્યા મુજબ યોગ્ય અને સાચી આપવામાં આવેલ છે.આથી અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, તથા અરજદારની રજુઆત મુજબ જોઈતી માહિતી આપવામાં આવેલ હોવાથી, તેઓની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/હુકમ/આ.વ./
તા............................

(અક્ષય પંડયા)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
બ્રીજસેલ
સુરત મહાનગરપાલિકા.
Email :-exen@suratmunicipal.gov.in

**હુકમ નં.૬**

**અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર, આઈ.ડી.નં.૫૮૧, તા.૦૨/૦૯/૧૪ ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–**

અપીલ અરજી નં. SMC/FAP/BRIDGE CELL/05/2014-15, તા.૦૩/૦૯/૧૪

**અપીલની તારીખ :–**

અરજદારની તા.૦૨/૦૯/૧૪ની પ્રથમ અપીલ અરજી અત્રેનાં ખાતાને તા.૦૩/૦૯/૧૪ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–**

અરજદારની તા.૧૬/૦૬/૧૪,આઈ.ડી.નં.૫૮૧ ની માહિતી માંગતી અરજી અત્રેનાં ખાતાને તા.૧૯/૦૬/૧૪ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :–**

અરજદાર ધ્વારા તા.૧૦/૬/૧૪ ના રોજ અઠવાલાઈન્સ વિસ્તારમાં નિર્માણાધીન ફલાય ઓવર બ્રીજની દુર્ઘટના બાબતે મુદ્દા નં.૧ થી ૧૫ ની વિવિધલક્ષી માહિતી માંગવામાં આવેલ હતી.

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–**

જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની. ધ્વારા અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./ આ.વ.નં./૧૭/૩, તા.૧૫/૦૭/૧૪ અત્રેના ખાતાના ઉપલબ્ધ દફતરી રેકર્ડ મુજબ નીચે મુજબ અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ હતી.

મુદ્દા નં. ૧,૨,૫ ની માહિતી અત્રેના ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ અરજદારને પુરી પાડવામાં આવેલ હતી. જયારે મુદ્દા નં. ૬ મધ્યસ્થ કચેરીમાં, મુદ્દા નં.૭ સાઉથ ઈસ્ટ ઝોન,શહેર વિકાસ વિભાગ તથા ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગમાં તથા મુદ્દા નં. ૯ ફાયર એન્ડ ઈમરજન્સી વિભાગોને સંલગ્ન હોય, માહિતી પુરી પાડવા તબદીલ કરવામાં આવેલ હતી. મુદ્દા નં.૩,૪ ,૮, ૧૦ થી ૧૫ ની માહિતી અત્રેના ખાતામાં ઉલપબ્ધ ન હોવાથી, તેઓને પુરી પાડવામાં આવેલ ન હતી.

**૪. અપીલના મુદ્દાઓ :–**

અરજદાર ધ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજીમાં દુર્ઘટનાગ્રસ્ત ફલાય ઓવર બ્રીજ અંગે માંગેલ માહિતી અંગે આપેલ જવાબ સંતોષકારક ન જણાતા, તેઓએ પ્રથમ અપીલ અરજી કરેલ.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–**

અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અરજી અંગે જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રીએ પોતાના પક્ષ તા.૧૫/૯/૧૪ ના રોજ રજુ કરતાં જણાવેલ કે, અરજદારને ઉપલબ્ધ રેકર્ડ મુજબ અત્રેના ખાતાના પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./૧૭/૩, તા.૧૫/૦૭/૧૪ થી માહિતી સમયમર્યાદામાં આપવામાં આવેલ છે તથા મુદ્દા નં. ૬,૭,૯ વિવિધ ખાતાઓને સંલગ્ન હોવાથી તેઓને તબદીલ કરવામાં આવેલ હતી.

વધુમાં, અરજદારને અગાઉ આ અરજીનાં સંબંધમાં જા.મા.અધિકારી અને શ્રી એન.કે.દિક્ષીત ધ્વારા તા.૧/૭/૧૪ ના રોજ (છેલ્લી તબદીલ કરેલ અરજીની તારીખ) તેઓ ફરજ ઉપર હાજર હોઈ, તેઓશ્રી ધ્વારા માહિતી પુરી પાડવામાં આવેલ કે અરજી તબદીલ કરેલ હતી અને ત્યારબાદ ઉકત જા.મા.અધિકારીશ્રીની ફરજ મૌકુફીના સંદર્ભે જા.મા.અધિકારી શ્રી એચ.એમ.સોની ધ્વારા માહિતી પુરી પાડવામાં આવેલ હતી એટલે કે આપવામાં આવેલ માહિતી સક્ષમ અધિકારી ધ્વારા જ પાઠવવામાં આવેલ હતી.

**૬. રીમાકર્સ :–**

અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(બ્રીજ) ધ્વારા અરજદારની પ્રથમ અપીલ અરજી સંદર્ભે અરજદારને પોતાનો પક્ષ / રજુઆત સાંભળવા તા.૧૪/૧૦/૧૪ ના રોજ હાજર રહેવા જણાવવામાં આવેલ, પરંતુ અરજદારની તા.૯/૧૦/૧૪ ની રજુઆત મુજબ તેઓ હાજર રહી શકે તેમ ન હોવાથી તેઓને ફરીથી તા.૧૬/૧૦/૧૪ ના રોજ બોલાવવામાં આવેલ પરંતુ અરજદાર ગેરહાજર રહેલ તથા જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની હાજર રહેલ અને તેઓએ પોતાનો પક્ષ / રજુઆત કરેલ હતી., જેથી અરજદાર ગેરહાજર રહેતા તેઓ માહિતી લેવામાં રસ ધરાવતા ન હોય અને નિયમાનુસાર સમયમયાર્દામાં માહિતી આપવાની હોવાથી આ પ્રથમ અપીલ અરજીનો નિકાલ હુકમ કરવા જોગ છે.

**—: હુકમ :—**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીની પુર્તતા ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૬/૦૬/૧૪,આઈ.ડી.નં.૫૮૧ થી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ યોગ્ય અને સાચી આપવામાં આવેલ છે તથા અન્ય ખાતાની માહિતી માટે તેઓને તબદીલ પણ કરવામાં આવેલ હોય, અત્રેથી વધુ કોઈ માહિતી આપવાની રહેતી નથી. આથી અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, તેઓની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/હુકમ/આ.વ./
તા.............................

(અક્ષય પંડયા)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
બ્રીજસેલ
સુરત મહાનગરપાલિકા.
Email :-exen@suratmunicipal.gov.in

**હુકમ નં.૭**

**અરજદાર શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહ્મભટ્ટ, આઈ.ડી.નં.૭૪, તા.૧૭/૧૦/૧૪ ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–**

અપીલ અરજી નં. SMC/FAP/BRIDGE CELL/06/2013-14, અપીલની તારીખ :– તા.૧૭/૧૦/૧૪
**અપીલની તારીખ :–** બ્રીજસેલ /આર.ટી.આઈ./અપીલ /નં./૬ તા.૧૭/૧૦/૧૪ની પ્રથમ અપીલ અત્રેનાં ખાતાને તા.૧૭/૧૦/૧૪ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–** આઈ.ડી.નં.૭૪, તા.૦૨/૦૯/૧૪ અરજદારની અરજી અત્રેનાં ખાતાને તા.૧/૧૦/૧૪ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :–** અરજદાર ધ્વારા સુરત શહેરમાં તા.૧૦/૦૬/૧૪ના રોજ અઠવાલાઈન્સ ખાતે બ્રીજ દુર્ઘટના બાબતે મુદ્દા નં. ૧ થી ૧૦ ની વિવિધ પ્રકારની માહિતી માંગતી અરજી અરજદાર ધ્વારા તા.૨/૦૯/૧૪ ના રોજ જા.મા.અધિકારી, મુખ્ય સચિવશ્રી કાર્યાલય, ગુજરાત સરકાર સચિવાલય, ગાંધીનગરને કરવામાં આવેલ હતી. સદર અરજી જા.મા.અધિકારી અને હોદાની રૂઈએ ઉપ સચિવશ્રી,શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,ગાંધીનગર તરફથી તા.૧/૧૦/૧૪ ના રોજ અત્રેના ખાતાને તબદીલ થયેલ.

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–** જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની ધ્વારા અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ આ.વ.નં./૭૫ , તા.૧૫/૧૦/૧૪ થી ખાતાના ઉપલબ્ધ રેકર્ડ અને સ્થળ સ્થિતિને આધારે મુદ્દા નં.૧ની અંશતઃ માહિતી માટે તથા મુદ્દા નં. ૨ થી ૧૦ ની સંપુર્ણ માહિતી માટે જા.મા.અધિકારી અને પોલીસ ઈન્સ્પેકટરશ્રી, ઉમરા પોલીસ સ્ટેશન, સુરતને તબદીલ કરવામાં આવેલ તથા મુદ્દા નં.૧ની આંશિક માહિતી અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ આ.વ.નં./૭૫/૧, તા.૧૫/૧૦/૧૪ થી અરજદારને પુરી પાડવામાં આવેલ હતી.

**૪. અપીલના મુદ્દાઓ :–** જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી(બ્રીજ), શ્રી એચ.એમ.સોની ધ્વારા અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ આ.વ.નં./૭૫ , તા.૧૫/૧૦/૧૪ તથા પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ આ.વ.નં./૭૫/૧, તા.૧૫/૧૦/૧૪ થી આપવામાં આવેલ હતી. જે માહિતી જાણીજોઈને ઈરાદા પુર્વક અધુરી તથા સદર અરજી સમયમર્યાદા બાદ તબદીલ કરેલ હોવાનું જણાવી અરજદારે પ્રથમ અપીલ અરજી કરેલ છે.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–** જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની ધ્વારા તા.૨૧/૧૦/૧૪ ના રોજ અપીલ અરજી અંગે પોતાનો ખુલાસો રજુ કરેલ હતો. જેમાં જણાવેલ કે, અરજદારની અરજી તા.૧/૧૦/૧૪ ના રોજ અત્રેના ખાતામાં તબદીલ થઈ મળેલ હતી. તથા તા.૨/૧૦/૧૪ થી તા.૩/૧૦/૧૪ ના જાહેર રજાના દિવસો હોવાથી જા.મા.અધિકારી પાસેથી તા.૪/૧૦/૧૪ ના રોજ મદદનીશ માહિતી અધિકારીને મળેલ હતી. ત્યારબાદ સંબંધિત મદદનીશ માહિતી અધિકારી અને જા.મા.અધિકારી ખાતાકીય કામ અર્થે તા.૫/૧૦/૧૪ થી તા.૧૧/૧૦/૧૪ સુધી બહારગામ ગયેલ હતા. તા.૧૨/૧૧/૧૪ની રવિવારની રજા બાદ ફરજ ઉપર હાજર થયેથી દિન–૩ માં એટલે કે, તા.૧૫/૧૦/૧૪ ના રોજ સદર અરજી ઉમરા પોલીસ સ્ટેશન ખાતે તબદીલ કરેલ તથા ખાતાનાં ઉપલબ્ધ રેકર્ડ મુજબ મુદ્દા નં.૧ની આંશિક માહિતી અરજદારને આપવામાં આવેલ હતી. અરજદાર ધ્વારા કરવામાં આવેલ અરજીના મુદ્દાઓની માહિતી વાસ્તવમાં પોલીસ વિભાગ, ઉમરાને સંલગ્ન હોય, ઉપલબ્ધ માહિતી અરજદારને પુરી પાડવા જા.મા.અધિકારી અને પોલીસ ઈન્સ્પેકટરશ્રી,ઉમરાને તબદીલ કરવામાં આવેલ હતી.

**૬. રીમાર્કસ :–**

ઉપરોકત તમામ હકીકતથી વિદીત થઈ, અરજદારને પ્રથમ અપીલ અરજી અંગે પોતાનો પક્ષ / રજુઆત સાંભળવા તા.૩૦/૧૦/૧૪ ના રોજ રૂબરૂ બોલાવામાં આવેલ હતા.પરંતુ અરજદારના ટેલીફોનક મેસેજ મુજબ તેઓ હાજર રહી શકે તેમ ન હોવાથી તેઓને ફરીથી તા. ૧૮/૧૧/૧૪ના રોજ પોતાનો પક્ષ રજુ કરવા સાંજે ૪:૦૦ કલાકે બોલાવવામાં આવેલ જેમાં અરજદાર તથા ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની ઉપસ્થિત રહી રૂબરૂ ચર્ચા કરી બંનેએ પોતાનો પક્ષ રજુ કરેલ હતા. જેમાં અરજદાર ધ્વારા માહિતી સમયમર્યાદા બાદ તબદીલ થયેલ તથા દુર્ઘટના બાબતે પોલીસ ખાતાને બ્રીજસેલ ખાતા ધ્વારા જાણ કરેલી કે નહી ? અને કરેલ હોય તો તેની નકલ માંગવામાં આવેલ હતી.

## –: હુકમ :–

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીના પુર્તતા રીપોર્ટને ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૨/૦૯/૧૪ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી યોગ્ય સરકારી કચેરીમાં તબદીલ કરવામાં આવેલ તથા ઉપલબ્ધ રેકર્ડ મુજબ સાચી માહિતી આપવામાં આવેલ છે. તથા તા.૧૮/૧૧/૧૪ ના રોજ થયેલ સુનાવણી દરમ્યાન અરજદાર ધ્વારા તેઓની અરજી અન્વયેના મુદ્દા મુજબ દુર્ઘટના બાબતે પોલીસ ખાતા સાથે બ્રીજસેલ ખાતા મારફતે થયેલ કાર્યવાહીની નકલ હોય તો નકલ તથા જા.મા.અધિકારી કે જે ખાતાકીય કામે બહારગામ ગયેલ હતા તેની મંજુરીની નકલ દિન–૦૫ માં અરજદારને વિના મુલ્ય પુરી પાડવા હુકમ કરવામાં આવેલ છે. આથી અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/હુકમ/આ.વ./
તા.............................

(અક્ષય પંડયા)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
બ્રીજસેલ
સુરત મહાનગરપાલિકા.
Email :-exen@suratmunicipal.gov.in

**હુકમ નં.૮**

**અરજદાર શ્રી ગડરીયા હરીશચંદ્ર ફકીરચંદ્ર, આઈ.ડી.નં.૧૪૦૪, તા.૨૮/૧૦/૧૪ ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–**

અપીલ અરજી નં. SMC/FAP/BRIDGE CELL/07/2013-14, અપીલની તારીખ :– તા.૨૮/૧૦/૧૪

**અપીલની તારીખ :–** બ્રીજસેલ /આર.ટી.આઈ./અપીલ /નં./૭ તા.૨૮/૧૦/૧૪ની પ્રથમ અપીલ અત્રેનાં ખાતાને તા.૨૮/૧૦/૧૪ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–** આઈ.ડી.નં.૧૪૦૪, તા.૧૯/૦૯/૧૪ અરજદારની અરજી અત્રેનાં ખાતાને તા.૨૦/૦૯/૧૪ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :–** અરજદાર ધ્વારા અઠવા ફલાય ઓવર દુર્ઘટનાવાળા બ્રીજ બાબતે મુદ્દા નં. ૧ થી ૧૧ વિવિધ પ્રકારની માહિતી માંગતી અરજી તા.૨૦/૦૯/ના રોજ અત્રેના ખાતાને તબદીલ થયેલ.

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–** જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની ધ્વારા અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./ આ.વ.નં./૭૩ , તા.૦૭/૧૦/૧૪ થી ખાતાના ઉપલબ્ધ રેકર્ડ અને સ્થળ સ્થિતિને આધારે મુદ્દા નં.૫,૬,૭ તથા ૧૦ માટે રૂ.૫૬૩ /– ફી જમા કરાવવા તથા બાકીની માહિતી પૈકી મુદ્દા નં. ૭ માટે બી.આર.ટી.એસ. સેલને અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./ આ.વ.નં./૭૩/૧, તા.૦૭/૧૦/૧૪ થી તબદીલ કરવામાં આવેલ અને મુદ્દા નં.૧,૨,૩,૪ ,૮,૯ અને ૧૧ ની માહિતી અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./ આ.વ.નં./૭૩/૨ , તા.૦૭/૧૦/૧૪ થી અરજદારે પુરી પાડવામાં આવેલ છે. અરજદાર ધ્વારા અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./ આ.વ.નં./૭૩ , તા.૦૭/૧૦/૧૪ થી ઉપલબ્ધ રેકર્ડની ઝેરોક્ષ નકલ મેળવવા રૂ.૫૬૩/– ભરવા જણાવતા તેઓ તરફથી સેન્ટ્રલ ઝોનમા રસીદ નં. ૧૫૧૭૧૩ તા.૧૦/૧૦/૧૪ ના રોજ સદર ફી જમા કરાવેલ હતી જેથી અત્રેના ખાતાના પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./ આ.વ.નં./૭૩/૩, તા.૨૦/૧૦/૧૪ થી ઉપલબ્ધ રેકર્ડ મુજબની ઝેરોક્ષ નકલ અરજદારને પુરી પાડવામાં આવેલ હતી.

**૪. અપીલના મુદ્દાઓ :–** જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી(બ્રીજ), શ્રી એચ.એમ.સોની ધ્વારા આપવામાં આવેલ માહિતી અધુરી તથા ખોટી છે. તથા અરજીનાં મુદ્દા નં.૧,૩ તેમજ દૈનિક વર્તમાન પત્ર સંદેશ અખબારમાં આપેલ માહિતી ખોટી હોય તો તેની સામે કેમ ફરીયાદ નહી નોંધાવી ? તે બાબતે પ્રથમ અપીલ અરજી કરેલ છે.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–** જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની ધ્વારા તા.૧૭/૧૧/૧૪ ના રોજ અપીલ અરજી અંગે પોતાનો ખુલાસો રજુ કરેલ હતો. જેમાં જણાવેલ કે, મુદ્દા નં૧ બાબતે અઠવા ફલાય ઓવર બ્રીજની કામગીરી રચના કન્સ્ટ્રકશન કું.ને સોંપવામાં આવેલ અને રેકર્ડ પર સ્થળ પર રચના કન્સ્ટ્રકશન ધ્વારા જ કામગીરી કરવામાં આવી રહેલ હતી. આ કામ બાબતે અજય પટેલના માણસો કામગીરી કરતાં હોવાનું કોઈ રેકર્ડ ઉપર અત્રે ઉપલબ્ધ નથી તેમજ મુદ્દા નં. ૩ બાબતે પી.એમ.સી. ધ્વારા રોજે રોજની તમામ કામગીરી પર સુપરવીઝન કરવામાં આવતું હતુ અને પી.એમ.સી.નાં સ્કોપ ઓફ વર્ક દર્શાવતી ટેન્ડરની નકલ મુદ્દા નં.૫ હેઠળ અરજદારને પુરી પાડેલ છે.

**૬. રીમાકર્સ :–**

ઉપરોકત તમામ હકીકતથી વિદીત થઈ, અરજદારને પ્રથમ અપીલ અરજી અંગે પોતાનો પક્ષ / રજુઆત સાંભળવા તા.૨૫/૧૧/૧૪ તથા તા.૨/૧૨/૧૪ ના રોજ રૂબરૂ બોલાવામાં આવેલ હતા.પરંતુ અપીલ અધિકારી વહીવટી કામમાં રોકાયેલ હોવાથી હાજર ન રહેતા અરજદાર તા.૦૮/૧૨/૧૪ના રોજ ટેલીફોનીક સુચના આપી અપીલ અધિકારી સમક્ષ હાજર રહી પોતાનો પક્ષ રજુ કરતાં જણાવેલ જેમાં (૧) તેઓને આપવમાં આવેલ માહિતી પૈકી કેટલીક માહિતી અંગ્રેજીમાં મળેલ છે તેની જગ્યાએ ગુજરાતીમાં જોઈએ છે.(૨) સ્થળ પર (પ્રેસ કટીંગ રજુ કરી) અજય પટેલના માણસો કામો કરતા હતા કે રચના કન્સ્ટ્રકશન કું.ના તેની સ્પષ્ટતા કરવી.

ઉપર જણાવેલ બાબતો સિવાયના અન્ય મુદ્દાઓ બાબતે આપવામાં આવેલ માહિતીથી તેઓને સંતોષ છે. તેમ જણાવેલ છે. જેની સામે જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની ધ્વારા પણ તેઓએ પોતાનો પક્ષ રજુ કરતાં જણાવેલ કે, (૧) આર.ટી.આઈ.એકટ મુજબ રેકર્ડ પર જે માહિતી ઉપલબ્ધ હોય, તેની નકલ આપવાની રહે છે તે મુજબ ઉપલબ્ધ રેકર્ડ મુજબ અંગ્રેજીમાં હોય, તે મુજબ અરજદારને માહિતી પુરી પાડેલ છે.(૨) મુદ્દા નં.૨ અન્વયે જણાવવાનું કે,અપીલ અધિકારીશ્રીની સુચના મુજબ સદર કામે થયેલ કરારની નકલ તથા જો કોઈ પવાર ઓફ અટર્ની આપેલ હોય તો તેની નકલ આપવા જણાવેલ છે.

## —: હુકમ :—

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીના પુર્તતા રીપોર્ટને ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯/૦૯/૧૪ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી આર.ટી.આઈ.એકટ મુજબ અત્રેના ખાતાના ઉપલબ્ધ રેકર્ડ તથા માહિતી જે સ્વરૂપમાં હોય તે જ ભાષામાં સાચી માહિતી આપવામાં આવેલ છે. તથા તા.૦૮/૧૨/૧૪ ના રોજ થયેલ સુનાવણી દરમ્યાન અરજદાર ધ્વારા તેઓની રજુઆત મુજબ તેઓના મુદ્દા નં. ૧ અન્વયે વધુ સ્પષ્ટતા અર્થે અઠવા ફલાય ઓવર બ્રીજનાં ઈજારદાર સાથે થયેલ કરારનામાની નકલ તથા ઈજારદાર ધ્વારા સદર કામે સાઈટ પર કામગીરી કરવા માટે જે તે વ્યકિત/વ્યકિતઓને આપવામાં આવેલ પાવર ઓફ એટર્નીની નકલ દિન–૦૭ માં અરજદારને વિના મુલ્ય પુરી પાડવા હુકમ કરવામાં આવે છે. આથી અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/હુકમ/આ.વ./
તા..............................

(અક્ષય પંડયા)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
બ્રીજસેલ
સુરત મહાનગરપાલિકા.
Email :-exen@suratmunicipal.gov.in

## હુકમ નં.૯

**અરજદાર શ્રી શૈલેષ હસમુખભાઈ પંચાલ(એડીટર), આઈ.ડી.નં.૧૮૮ની તા.૦૩/૧૧/૧૪ ના રોજ કરેલ પ્રથમ અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :—**

અપીલ અરજી નં. નં.SMC/FAP/BRIDGE CELL/08/2013-14, અપીલની તારીખ :— તા.૦૩/૧૧/૧૪
**અપીલની તારીખ :—** બ્રીજસેલ /આર.ટી.આઈ./અપીલ /નં./૮ તા.૦૬/૦૮/૧૪ની પ્રથમ અપીલ અત્રેનાં ખાતાને તા.૩/૧૧/૧૪ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :—** આઈ.ડી.નં.૧૮૮, તા.૦૫/૦૭/૧૪ અરજદારની અરજી અત્રેનાં ખાતાને તા.૫/૦૮/૧૪ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :—** અરજદાર ધ્વારા સુરત મહાનગરપાલિકા ખાતે છેલ્લા પાંચ વર્ષથી ચાલી રહેલ બાંધકામો કે જે સુરતની જાહેર જનતાના હિતાર્થે લોકાર્પણ કરવામાં આવનાર છે. તેવા બાંધકામોની યાદીઓ તથા ચાલી રહેલ બાંધકામો અંગે મુદ્દા નં.૧ થી ૧૧ની માહિતી બાબતે.
**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :—** જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની ધ્વારા અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ આ.વ.નં./૪૨ , તા.૨૨/૦૮/૧૪ થી ઉમરા પોલીસ સ્ટેશન ખાતે મુદ્દા નં. ૭ માટે તબદીલ કરેલ હતી. તથા મુદ્દા નં. ૧ થી ૩,૫,૭ અને ૧૧ માટે જરૂરી માહિતી / દસ્તાવેજો માટે ખાતાના ઉપલબ્ધ રેકર્ડ અને સ્થળ સ્થિતિ મુજબ રૂા.૧૧,૧૬૪/— જમા કરાવવા અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./આ.વ.નં./૪૨/૧, તા.૨૭/૦૮/૧૪થી જણાવવામાં આવેલ તેમજ જે તે સમયે ઉપલબ્ધ રેકર્ડ મુજબ અરજદારને અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./ આ.વ.નં./૪૨/૨, તા.૨૭/૦૮/૧૪ને આધારે માહિતી પુરી પાડવામાં આવેલ હતી.
**૪. અપીલના મુદ્દાઓ :—** કોઈ નિર્ણય કે માહિતી સમયમર્યાદામાં આપેલ નથી કે કોઈપણ જાતના અરજી સંબંધી પત્ર વ્યવહાર કરેલ નથી. તે બાબતની પ્રથમ અપીલ અરજી ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી,મધ્યસ્થ કચેરીના પત્ર નં. સી./૨૭૨૩ તા.૧/૧૧/૧૪ થી અત્રેના ખાતાને તા.૩/૧૧/૧૪ના રોજ તબદીલ થયેલ છે.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :—**
જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની ધ્વારા તા.૨૬/૧૧/૧૪ ના રોજ અપીલ અરજી અંગે પોતાનો ખુલાસો રજુ કરેલ હતો. જેમાં જણાવેલ કે, અરજદારની મુળ અરજી અત્રેના ખાતામાં તા.૦૫/૦૮/૧૪ ના રોજ તબદીલ થયેલ હતી જેના અનુસધાંનમાં ઉપરોકત માહિતી અરજદારને પુરી પાડવા અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ આ.વ.નં./ ૪૨/૧, તા.૨૭/૦૮/૧૪થી જરૂરી માહિતી / દસ્તાવેજો માટે ખાતાના ઉપલબ્ધ રેકર્ડ અને સ્થળ સ્થિતિ મુજબ રૂા.૧૧,૧૬૪/— જમા કરાવવા જણાવવામાં આવેલ તેમજ જે તે સમયે ઉપલબ્ધ રેકર્ડ મુજબ અરજદારને અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./ આ.વ.નં./૪૨/૨, તા.૨૭/૦૮/૧૪ને આધારે માહિતી રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી મોકલવામાં આવેલ હતી. સદર આર.પી.એ.ડી.ની સ્લીપ અરજદાર વતી તેમની પત્ની શ્રીમતી શર્મિઠા એસ. ધ્વારા તા.૧/૦૯/૧૪ ના રોજ સ્વીકારવામાં આવેલ હતી. આમ, અરજદારને ફી ભરવા માટેનો પત્ર તથા પુર્તતા રીપોર્ટ સમયમર્યાદામાં પહોંચાડેલ પરંતુ અરજદારે આજદીન સુધી માહિતી મેળવવા માટેની ફી ભરેલ નથી.

**૬. રીમાર્કસ :—**

ઉપરોકત તમામ હકીકતથી વિદીત થઈ, અરજદારને પ્રથમ અપીલ અરજી અંગે પોતાનો પક્ષ / રજુઆત સાંભળવા તા.૦૨/૧૨/૧૪ ના રોજ રૂબરૂ બોલાવામાં આવેલ હતા.પરંતુ અરજદાર ગેરહાજર રહેતા તેઓને ફરીથી તા. ૦૮/૧૨/૧૪ના રોજ પોતાનો પક્ષ રજુ કરવા વધુ એક તક આપવા આવેલ હતી. પરંતુ અરજદાર ગેરહાજર રહેલ તથા અરજદાર તરફથી ગેરહાજર રહેવા બાબતે કોઈ પણ પ્રકારનો ટેલીફોનીક મેસેજ કે પત્ર અત્રેના ખાતાને મળેલ નથી તથા ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની ઉપસ્થિત રહી રૂબરૂ હાજર રહેલ અને પોતાનો પક્ષ રજુ કરેલ હતો અને જણાવેલ કે , અરજદારને માહિતીની નકલો મેળવવા માટે રૂા.૧૧,૧૬૪/— જમા કરાવવા જણાવવમાં આવેલ. પરંતુ તેઓ તરફથી સદર રકમ જમા કરાવેલ ન હોવાથી જરૂરી માહિતી / દસ્તાવેજોની ઉપલબ્ધ રેકર્ડ મુજબની ઝેરોક્ષ નકલ અરજદારને પુરી પાડવામાં આવેલ નથી.

**—: હુકમ :—**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીના પુર્તતા રીપોર્ટને ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૫/૦૭/૧૪ ની મુળ અરજી અત્રેના ખાતાને તા.૫/૮/૧૪ ના રોજ તબદીલ થઈ મળેલ હતી જેના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી તરફથી જે તે સમયે ખાતાના ઉપલબ્ધ રેકર્ડ / દસ્તાવેજોનાં આધારે આર.ટી.આઈ.નાં નિયમો મુજબ દિન—૩૦ માં દસ્તાવેજોની નકલ મેળવવા માટે પત્ર પાઠવેલ તથા જરૂરી માહિતી પુરી પાડેલ હતી પરંતુ અરજદાર તરફથી માહિતી / દસ્તાવેજો માટે જરૂરી ફી ન ભરતાં તેઓને જરૂરી માહિતી / દસ્તાવેજોની ઉપલબ્ધ રેકર્ડની ઝેરોક્ષ નકલ પુરી પાડવામાં આવેલ નથી. આમ, અરજદારની મુળ અરજી અંગે જા.મા.અધિકારી અને ડે.ઈજનેર તરફથી નિયત સમયમર્યાદામાં માહિતી પુર્તતા બાબતે કામગીરી કરવામાં આવેલ હોવાથી, અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/હુકમ/આ.વ./
તા.............................

(અક્ષય પંડયા)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
બ્રીજસેલ
સુરત મહાનગરપાલિકા.
Email :-exen@suratmunicipal.gov.in

**હુકમ નં.૧૦**

**અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર, આઈ.ડી.નં.૪૮૨, તા.૦૯/૧૨/૧૪ ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–**

અપીલ અરજી નં. SMC/FAP/BRIDGE CELL/09/2014-15 , અપીલની તારીખ :– તા.૦૯/૧૨/૧૪
**અપીલની તારીખ :–** બ્રીજસેલ /આર.ટી.આઈ./અપીલ /નં./૯, તા.૦૮/૧૨/૧૪ની પ્રથમ અપીલ અત્રેનાં ખાતાને તા.૦૯/૧૨/૧૪ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–** આઈ.ડી.નં.૪૮૨, તા.૦૭/૧૧/૧૪ અરજદારની અરજી અત્રેનાં ખાતાને તા.૦૨/૧૨/૧૪ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :–** અરજદાર ધ્વારા સુરત શહેરમાં તા.૧૦/૦૬/૧૪ના રોજ અઠવાલાઈન્સ ખાતે બ્રીજ દુર્ઘટના બાબતે મુદ્દા નં. ૧ થી ૧૦ ની વિવિધ પ્રકારની માહિતી માંગતી અરજી અરજદાર ધ્વારા તા.૦૭/૧૧/૧૪ ના રોજ મધ્યસ્થ કચેરી ખાતે કરવામાં આવેલ હતી. જે અત્રેના ખાતાને તા.૨/૧૨/૧૪ ના રોજ તબદીલ થયેલ.

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–** જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની ધ્વારા અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ આ.વ.નં./૮૮, તા.૧૦/૧૨/૧૪ થી ખાતાના ઉપલબ્ધ રેકર્ડ અને સ્થળ સ્થિતિને આધારે જરૂરી દસ્તાવેજ સહિત મુદ્દા નં.૧ થી ૧૦ ની માહિતી અરજદાર બી.પી.એલ.કાર્ડ ધારક હોવાથી વિના મુલ્યે સમયમર્યાદામાં પુરી પાડવામાં આવેલ હતી.

**૪. અપીલના મુદ્દાઓ :–** અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી ૩૦ દિવસની સમયમર્યાદામાં મળેલ નથી. એમ જણાવી અરજદારે પ્રથમ અપીલ અરજી કરેલ છે.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–** જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની ધ્વારા તા.૨૩/૧૨/૧૪ ના રોજ અપીલ અરજી અંગે પોતાનો ખુલાસો રજુ કરેલ હતો. જેમાં જણાવેલ કે, અરજદારની તા.૦૭/૧૧/૧૪ ની મુળ અરજી અત્રેના ખાતાને તા.૦૨/૧૨/૧૪ના રોજ તબદીલ થઈ મળેલ હતી. જે સમયમર્યાદાની અંદર અત્રેના ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ દસ્તાવેજ સહિતની માહિતી ખાતાના પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./ આ.વ.નં./૮૮ , તા.૧૦/૧૨/૧૪ થી આર.પી.એ.ડી.ધ્વારા પુરી પાડવામાં આવેલ હતી.

**૬. રીમાકર્સ :–**

ઉપરોક્ત તમામ હકીકતથી વિદીત થઈ, અરજદારને પ્રથમ અપીલ અરજી અંગે પોતાનો પક્ષ / રજુઆત સાંભળવા તા.૦૫/૦૧/૧૫ ના રોજ રૂબરૂ બોલાવામાં આવેલ હતા. જેમાં અરજદાર તથા ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની ઉપસ્થિત રહી રૂબરૂ પોતાનો પક્ષ રજુ કરેલ હતા. જેમાં અરજદાર ધ્વારા માંગેલ માહિતી આજદીન સુધી મળેલ નથી. તેમ રજુઆત કરેલ હતી. જે અન્વયે જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની ધ્વારા જણાવવામાં આવેલ કે અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી અત્રે તબદીલ થયાનાં ૦૮ દિવસ બાદ માંગેલ દસ્તાવેજ સહિત અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./ આ.વ.નં./૮૮ , તા.૧૦/૧૨/૧૪ થી આર.પી.એ.ડી. થી મોકલવામા આવેલ હતી. પરંતુ આર.પી.એ.ડી. ની પહોંચ તેઓની સહી / સિકકા વગર પરત થયેલ છે. જેથી અરજદારની માહિતી ગેરવલ્લે થયેલ હોવાનું માનવાનું કારણ
હોઈ શકે. આમ છતાં અરજદારને આજરોજ સદર તમામ માહિતી હાથોહાથ આપવાનું જણાવેલ પરંતુ અરજદાર ધ્વારા સદર માહિતી આર.પી.એ.ડી.થી મોકલવાનો આગ્રહ રાખવામાં આવેલ હતો.

## —: હુકમ :—

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીના પુર્તતા રીપોર્ટને ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૨/૧૨/૧૪ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ સમયમર્યાદામાં દસ્તાવેજો સહિત આપવામાં આવેલ હોવાનું જણાવેલ હોવા છતાં, તા.૦૫/૦૧/૧૫ ના રોજ સુનાવણી દરમ્યાન અરજદાર અને જા.મા.અધિકારી તરફથી થયેલ રજુઆતોના અંતે અરજદારને સદરહું માહિતી ફરીથી જરૂરી દસ્તાવેજો સહિત દિન–૦૭ માં વિના મુલ્યે પુરી પાડવા હુકમ કરવામાં આવેલ છે. આથી અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/હુકમ/આ.વ./
તા.............................

(અક્ષય પંડયા)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
બ્રીજસેલ
સુરત મહાનગરપાલિકા.
Email :-exen@suratmunicipal.gov.in

# હુકમ નં.૧૧

**અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર, આઈ.ડી.નં.૫૨૩, તા.૨૯/૧૨/૧૪ ની પ્રથમ અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–**

અપીલ અરજી નં. SMC/FAP/BRIDGE CELL/10/2014-15, તા.૩૦/૧૨/૧૪

**અપીલની તારીખ :–**

અરજદારની તા.૨૯/૧૨/૧૪ની પ્રથમ અપીલ અરજી અત્રેનાં ખાતાને તા.૩૦/૧૨/૧૪ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–**

અરજદારની તા.૨૪/૧૧/૧૪,આઈ.ડી.નં.૫૨૩ ની માહિતી માંગતી અરજી અત્રેનાં ખાતાને તા.૨૬/૧૧/૧૪ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :–**
અરજદાર ધ્વારા સુરતનું નજરાણું અડાજણ થી અઠવાલાઈન્સ કેબલ સ્ટેઈડ પ્રકારના બ્રીજ તથા અન્ય બાબતે મુદ્દા નં.૧ થી ૫ ની વિવિધલક્ષી માહિતી માંગવામાં આવેલ હતી.

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–**

જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની. ધ્વારા અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./ આ.વ.નં./૮૯, તા.૧૦/૧૨/૧૪ અત્રેના ખાતાના ઉપલબ્ધ દફતરી રેકર્ડ મુજબ મુદ્દા નં.૨ની માહિતી પુરી પાડવામાં આવેલ તથા બાકીનાં મુદ્દાઓની માહિતી અત્રેના ખાતામાં ઉપલબ્ધ નથી તેમ જણાવેલ, આમછતાં માહિતીની વધુ સ્પષ્ટતા માટે અરજદારને તા.૧૬/૧૨/૧૪ના રોજ રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવેલ.

**૪. અપીલના મુદ્દાઓ :–**
અરજદારને અત્રેના ખાતાનાં ઉપલબ્ધ રેકર્ડ મુજબ માહિતી મળેલ હોવા છતાં માહિતીની નકલ આપવાની ફરજ હોય છતાં માહિતી ઉપલબ્ધ નથી એમ જણાવી તેઓએ પ્રથમ અપીલ અરજી કરેલ છે.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–**

અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અરજી અંગે જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રીએ પોતાના પક્ષ તા.૧૨/૦૧/૧૪ ના રોજ રજુ કરતાં જણાવેલ કે, અરજદારને ઉપલબ્ધ રેકર્ડ મુજબ અત્રેના ખાતાના પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./૭૯,તા.૧૦/૧૨/૧૪ થી માહિતીના મુદ્દા નં.૨ની આંશિક માહિતી આપેલ છે. તથા અન્ય કોઈ માહિતી ઉપલબ્ધ ન હોવાથી, તે મુજબનો જવાબ અરજદારને પુરો પાડેલ છે. વધુમાં, માહિતીની વધુ સ્પ્ટતા માટે અરજદારને તા.૧૬/૧૨/૧૪નાં રોજ બોલાવવામાં આવેલ જેમાં અરજદાર ૪:૩૦ કલાકે હાજર રહેલ. પરંતુ જા.મા.અધિકારી વહીવટી કામગીરીમાં રોકાયેલ હોય, તેઓને સંબંધીત મદદનીશ માહિતી અધિકારીએ ૧૦–૧૫ મીનીટ રાહ જોવા વિનંતી કરેલ પરંતુ અરજદારે તમારી પાસે જે માહિતી હોય તે આપી દો હું ફરીથી આવીશ એમ કહી જતાં રહેલ.

**૬. રીમાર્કસ઼ :—**

અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(બ્રીજ) ધ્વારા અરજદારની પ્રથમ અપીલ અરજી સંદર્ભે અરજદારને પોતાનો પક્ષ / રજુઆત સાંભળવા તા.૨૨/૦૧/૧૫ ના રોજ હાજર રહેવા જણાવવામાં આવેલ, પરંતુ અરજદાર ધ્વારા તા.૨૩/૧/૧૫ ના રોજ પત્ર પાઠવી જાણ કરેલ કે, અમે હાજર રહી શકીએ તેમ નથી જેની નોંધ લઈ અમો રૂબરૂ આવ્યા અને માંગેલ માહિતી આપવા વિનંતી કરેલ. તેમ છતાં અપીલ અધિકારી ધ્વારા ફરીથી તા.૩/૨/૧૫ના રોજ અરજદારને સુનાવણી માટે બોલાવવામાં આવેલ. પરંતુ અરજદાર ધ્વારા તા.૩૧/૧/૧૫ ના રોજ પત્ર પાઠવી જણાવેલ કે, સદર પત્ર અમો રૂબરૂ આવ્યા સમજી માંગેલ માહિતી પાઠવવા વિનંતી કરેલ. ઉપરોકત બંને સુનાવણી દરમ્યાન જા.મા.અધિકારી અને ડે.ઈજનેર હાજર રહેલ અને પોતાનો પક્ષ રજુ કરેલ.

**—: હુકમ :—**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીની પુર્તતા ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૪/૧૧/૧૪,આઈ.ડી.નં.૫૨૩ થી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબ યોગ્ય અને સાચી આપવામાં આવેલ છે તેમ છતાં અરજદારને મુદ્દા નં.૧ થી ૫ની માહિતી મુદ્દાસર ખાતાના ઉપલબ્ધ તુમાર મુજબ ફરીથી દિન—૭માં આપવા હુકમ કરવામાં આવે છે. આથી અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/હુકમ/આ.વ./
તા.............................

(અક્ષય પંડયા)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
બ્રીજસેલ
સુરત મહાનગરપાલિકા.
Email :-exen@suratmunicipal.gov.in

## હુકમ નં.૧૨

**અરજદાર એડવોકેટ ડી.કે.નંદનવાર, આઈ.ડી.નં.૧૮૩૫, તા.૧૮/૧૧/૧૪ ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :–**

અપીલ અરજી નં. નં.SMC/FAP/BRIDGE CELL/10/2014-15, તા.૦૩/૦૧/૧૫

**અપીલની તારીખ :–**

અરજદારની તા.૦૩/૦૧/૧૫ની પ્રથમ અપીલ અરજી અત્રેનાં ખાતાને તા.૦૩/૦૧/૧૫ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :–**

અરજદારની તા.૧૮/૧૧/૧૪,આઈ.ડી.નં.૧૮૩૫ ની માહિતી માંગતી અરજી અત્રેનાં ખાતાને તા.૨૧/૧૧/૧૪ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :–**

" રાજકમલ બિલ્ડકોન હાલમાં કેટલા બ્રીજ બનાવી રહયુ છે? "

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :–**

જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની. ધ્વારા અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./આ.વ.નં./૮૫/૧, તા.૦૬/૦૧/૧૫ અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ હતી.

**૪. અપીલના મુદ્દાઓ :–**

અરજદાર ધ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજીમાં રાજકમલ બિલ્ડકોનની માહિતી માંગવામાં આવેલ હતી પરંતુ રાજકમલ બિલ્ડર્સ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લિ.ની ખોટી માહિતી આપેલ હોવાથી નારાજ થઈ અરજદારે પ્રથમ અપીલ અરજી કરેલ.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :–**

અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અરજી અંગે જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રીએ પોતાના પક્ષ તા.૦૮/૦૧/૧૫ ના રોજ રજુ કરતાં જણાવેલ કે, અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી માં રાજકમલ બિલ્ડકોનની માહિતી માંગવામાં આવેલ હતી પરંતુ અરજદારની ભુલને અવગણીને અત્રેના વિભાગ હસ્તક દિલ્હીગેટ ફલાય ઓવર બ્રીજની કામગીરી ઈજારદાર રાજકમલ બિલ્ડકોન નહી પરંતુ રાજકમલ બિલ્ડર્સ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લિ., ધ્વારા હાલ પ્રગતિમાં છે. જેની માહિતી આપવામાં આવેલ.

**૬. રીમાકર્સ :–**

અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(બ્રીજ) ધ્વારા અરજદારની પ્રથમ અપીલ અરજી સંદર્ભે અરજદારને પોતાનો પક્ષ / રજુઆત સાંભળવા તા.૨૨/૦૧/૧૫ ના રોજ હાજર રહેવા જણાવવામાં આવેલ, જેમાં અરજદાર તથા જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની હાજર રહેલ અને તેઓએ પોતાનો પક્ષ / રજુઆત કરેલ હતી. જેમાં અરજદાર ધ્વારા રાજકમલ બિલ્ડકોન હાલમાં કેટલા બ્રીજો બનાવી રહયુ છે ? એનું સ્પષ્ટીકરણ ન થવાથી રાજકમલ બિલ્ડકોનની માહિતી લેખિત આપવા જણાવેલ. જે સંદર્ભે જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી તરફથી રાજકમલ બિલ્ડકોનની માહિતી માંગેલ હોય, તે અન્વયે સ્પષ્ટતા કરતાં જણાવેલ કે, રાજકમલ બિલ્ડકોન ધ્વારા હાલમાં અત્રેના બ્રીજસેલ વિભાગમાં કોઈ પણ કામ કાર્યરત નથી. તેમ જણાવેલ છે.

**—: હુકમ :—**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીની પુર્તતા ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૮/૧૧/૧૪,આઈ.ડી.નં.૧૮૩૫ થી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારીએ ઉપલબ્ધ રેકર્ડ મુજબ અને અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અરજીની સુનાવણી દરમ્યાન કરેલ સ્પષ્ટતા મુજબ, "રાજકમલ બિલ્ડકોન હાલમાં કેટલા બ્રીજ બનાવી રહયુ છે?"ની માહિતી દિન–૦૭ માં વિના મુલ્યે અરજદારને પુરી પાડવાની રહેશે. આથી અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે અન્ય કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, તેઓની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/હુકમ/આ.વ./
તા.............................

(અક્ષય પંડયા)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
બ્રીજસેલ
સુરત મહાનગરપાલિકા.
Email :-exen@suratmunicipal.gov.in

## હુકમ નં.૧૩

**અરજદાર એડવોકેટ ડી.કે.નંદનવાર, આઈ.ડી.નં.૧૮૩૬, તા.૦૩/૦૧/૨૦૧૫ ની અપીલ અરજી અંગેની વિગતોનું વિવરણ :—**

અપીલ અરજી નં.SMC/FAP/BRIDGE CELL/12/2014-15, તા.૦૩/૦૧/૨૦૧૫

**અપીલની તારીખ :—**

અરજદારની તા.૦૩/૦૧/૧૫ની પ્રથમ અપીલ અરજી અત્રેનાં ખાતાને તા.૦૩/૦૧/૧૫ ના રોજ મળેલ છે.

**૧.અરજીની તારીખ :—**

અરજદારની તા.૧૮/૧૧/૧૪,આઈ.ડી.નં.૧૮૩૬ ની માહિતી માંગતી અરજી અત્રેનાં ખાતાને તા.૨૧/૧૧/૧૪ ના રોજ મળેલ છે.

**૨.માંગેલ માહિતી :—**

" અમરોલી બ્રીજ દુર્ઘટના બાદ મીતુલ શંકરભાઈ પટેલ(રાજકમલ બીલ્ડકોનવાળા) ઉપર સુરત મહનગરપાલિકા ધ્વારા શું પગલાં લેવામાં આવ્યા ? તે અંગેની માહિતી માંગવામાં આવેલ હતી. "

**૩. માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીએ આપેલ માહિતી અને તારીખ :—**

જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી એચ.એમ.સોની. ધ્વારા અત્રેનાં ખાતાના પત્ર નં.બ્રીજસેલ/ આર.ટી.આઈ./આ.વ.નં./૮૪, તા.૦૬/૧૨/૧૪ અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ હતી.

**૪. અપીલના મુદ્દાઓ :—**

અરજદાર ધ્વારા " અમરોલી બ્રીજ દુર્ઘટના બાદ મીતુલ શંકરભાઈ પટેલ(રાજકમલ બીલ્ડકોનવાળા) ઉપર સુરત મહનગરપાલિકા ધ્વારા શું પગલાં લેવામાં આવ્યા ? તે અંગેની માહિતી માંગવામાં આવેલ હતી પરંતુ યોગ્ય અને સંતોષકારક માહિતી આપેલ નથી તેમજ અરજદારે પ્રથમ અપીલમાં વધુમાં જણાવેલ કે, કયાં કારણોસર મિતુલ શંકરભાઈ પટેલ(રાજકમલ બિલ્ડકોનવાળા) ઉપર કાયદેસરનાં પગલાં લીધેલ નથી.તેની માહિતી માંગવામાં આવેલ હતી.

**૫.અપીલ અરજી અંગે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(બ્રીજ)શ્રીને રજુ કરેલ પૂરક માહિતીની વિગતો અને તારીખ :—**

અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અરજી અંગે જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રીએ પોતાના પક્ષ તા.૦૮/૦૧/૧૫ ના રોજ રજુ કરતાં જણાવેલ કે, અરજદાર ધ્વારા માંગવામાં આવેલ માહિતી માં રાજકમલ બિલ્ડકોનની માહિતી માંગવામાં આવેલ હતી પરંતુ અરજદાર તરફથી ઈજારદારના નામ સંબંધે થયેલ ભુલને અવગણીને અત્રેના વિભાગ પાસે ઉપલબ્ધ માહિતી આપવામાં આવેલ. જેમાં જણાવેલ કે, અમરોલી બ્રીજ દુર્ઘટના બાદ મિતુલ શંકરભાઈ પટેલ (રાજકમલ બિલ્ડકોન વાળા) સામે સુરત મહાનગરપાલિકા ધ્વારા કોઈ પગલાં લેવામાં આવેલ નથી.

**૬. રીમાકર્સ :—**

અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર(બ્રીજ) ધ્વારા અરજદારની પ્રથમ અપીલ અરજી સંદર્ભે અરજદારને પોતાનો પક્ષ / રજુઆત સાંભળવા તા.૧૬/૦૧/૧૫ ના રોજ હાજર રહેવા જણાવવામાં આવેલ પરંતુ અરજદાર ગેરહાજર રહેતા તેઓને ફરીથી વધુ એક તક આપવા તા.૨૭/૧/૧૫ ના રોજ બોલાવવામાં આવેલ, તદઉપરાંત અરજદારની આઈ.ડી.નં.૧૮૩૫ ની અપીલ અરજી અન્વયે તા.૨૨/૦૧/૧૫ ના રોજ સુનાવણીમાં બોલાવવામાં આવેલ હતા જેમાં અરજદારની રજુઆતને ધ્યાને રાખી આઈ.ડી.નં.૧૬૩૬ ની સુનાવણી કરવામાં આવેલ હતી. અરજદાર તરફથી રજુઆત કરેલ કે, અમોએ અમરોલી બ્રીજ દુર્ઘટના બાબતે મિતુલ શંકરભાઈ પટેલ(રાજકમલ બિલ્ડકોન લી.) સામે કોઈ કાયદાકીય પગલાં લેવામાં આવેલ છે કે કેમ ? તેની સ્પષ્ટ માહિતી લેખિતમાં આપવા જણાવેલ. જે સંદર્ભે જા.મા.અધિકારી અને ડે.ઈજનેરશ્રી તરફથી સ્પષ્ટતા કરતાં જણાવેલ કે, અમરોલી બ્રીજ બાંધવાની કામગીરી રાજકમલ બિલ્ડકોન ધ્વારા કરવામાં આવેલ નથી. જેથી મીતુલ શંકરભાઈ પટેલ (રાજકમલ બિલ્ડકોનવાળા) ઉપર સુરત મહાનગરપાલિકા તરફથી કોઈ કાયદાકીય પગલા લેવામાં આવેલ નથી.

**—: હુકમ :—**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીની પુર્તતા ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરી અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૮/૧૧/૧૪,આઈ.ડી.નં.૧૮૩૬ થી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારીએ ઉપલબ્ધ રેકર્ડ મુજબ અને અરજદાર ધ્વારા પ્રથમ અપીલ અરજીની સુનાવણી દરમ્યાન કરેલ સ્પષ્ટતા મુજબ, " અમરોલી બ્રીજ દુર્ઘટના બાદ મીતુલ શંકરભાઈ પટેલ(રાજકમલ બીલ્ડકોનવાળા) ઉપર સુરત મહનગરપાલિકા ધ્વારા શું પગલાં લેવામાં આવ્યા ?" તે અંગેની માહિતી દિન–૦૭ માં વિના મુલ્યે અરજદારને પુરી પાડવાની રહેશે. આથી અરજદારની પ્રથમ અપીલ અરજી અંગે અન્ય કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો ન હોઈ, તેઓની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

નં.બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ/હુકમ/આ.વ./
તા.............................

(અક્ષય પંડયા)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
બ્રીજસેલ
સુરત મહાનગરપાલિકા.
Email :-exen@suratmunicipal.gov.in

## હુકમ નં.૧૪

61-10 GUJARAT GOVERNMENT GAZETTE EX., 26-04-2010 PART IV-A

**નમૂનો –ધ**
**(જુઓ નિયમ–૪(૨))**
**બીજા જાહેર સત્તામંડળને લગતી અરજીની તબદીલી**

**મોકલનાર :** શ્રી અક્ષય પંડયા, અપીલ અધિકારી અને
કાર્યપાલક ઈજનેર , બ્રીજસેલ વિભાગ,
રૂમ નં.૧૧૮, ત્રીજો માળ,જુની એનેક્ષી બિલ્ડીગ,
સુરત મહાનગરપાલિકા,મુગલીસરા, સુરત.
બ્રીજસેલ/આર.ટી.આઈ./અપીલ / આ.વ.નં.......
તારીખ :– /...../૨૦.....

**પ્રતિ,**

(૧) અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફીસરશ્રી,
મધ્યસ્થ મહેકમ વિભાગ,
સુરત મહાનગરપાલિકા,
સુરત.

(૨) અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફીસરશ્રી,
રીક્રુટમેન્ટ વિભાગ,
સુરત મહાનગરપાલિકા,
સુરત.

**શ્રીમાન,**

માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫, હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની અપીલ અરજી નં.૨૭૫ તા.૨૭/૨/૧૫ની અરજી અત્રેના ખાતાને તા.૦૯/૦૩/૧૫ ના રોજ સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સી.ઝેડ/ આર.ટી.આઈ./ આ./૩૮૦૬ તા.૭/૩/૧૫ થી અત્રે તબદીલ થયેલ છે. તે જોવા વિનંતી.

જરૂરી માહિતી / દસ્તાવેજની વિષય વસ્તુ આપના જાહેર સત્તામંડળ / વિભાગ / કચેરીના કાર્યો સાથે વધુ નિકટતાથી સંકળાયેલી હોવાથી, તે આગળની જરૂરી કાર્યવાહી માટે આ સાથે આપને સંપુર્ણરૂપે તબદીલ કરવામાં આવે છે.

આથી પ્રામાણિત કરવામાં આવે છે કે અરજદાર બી.પી.એલ.કાર્ડ ધારક હોવાથી તેની નકલ સામેલ કરેલ છે.

આપનો વિશ્વાસુ


ટેલીફોન નં : ૦૨૬૧–૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ.નં.૫૧૧)
ફેક્ષ નં.૦૨૬૧–૨૪૫૧૯૩૫–૨૪૨૨૧૧૦
મો. ૯૭૨૪૩–૪૫૪૨૭
ઈ–મેઈલ :– exen.bridge@suratmunicipal.org


**બિડાણ :–** અપીલ અરજીની નકલ.

**પ્રતિ,**
શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,
૧૨/૨૩૭૩, સૈયદપુરા માર્કેટ,
કુંભારવાડા પાસે,
સુરત.

ઉપર જણાવેલા સંબંધિત જાહેર સત્તામંડળના જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરવા તેને / તેણીને વિનંતી કરવામાં આવે છે.